પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૫૬ | ૨૮ નવેમ્બર, ૨૦૧૯, ગુરૂવાર; માગસર સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારતની ઐતિહાસિક અવકાશી સિદ્ધિ

## કાર્ટોસેટ-૩ ઉપગ્રહને લોંચ કરીને ઇસરોએ મોટી સિદ્ધી મેળવી : પીએસએલવીસી-૪૭ મારફતે એક સાથે ૧૪ સેટેલાઇટો લોંચ



શ્રીહરિકોટા તા.૨૭

આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિત ઈસરોના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી આજે સવારે ટોપના વૈજ્ઞાનિકો અને ટોપના નિષ્ણાંત અધિકારીઓની હાજરીમાં પીએસએલવીસી -૪૭ને લોંચ મેળવી હતી. કાર્ટોસેટને ભારતની આંખ તરીકે જોવામાં આવે છે. કારણ કે આ સેટેલાઇટ સુરક્ષાની દ્રષ્ટિએ ખુબ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરનાર છે. ચન્દ્રયાન-૨ બાદ ઈસરો દ્વારા પ્રથમ કામનો સફળતાપૂર્વક પાર પાડવામાં આની મદદથી ૫૦૯ કિલોમીટરની ઉંચાઈથી ખુબ જ સાફ અને સ્વચ્છ ફોટો પાડી શકાય છે. આટલી ઉંચાઈ પરથી તે એવી ચીજોને પણ જોઈ શકે છે જેમની વચ્ચે અંતર ૨૫ સેન્ટીમીટર રહે છે. એક અધિકારીના કહેવા મુજબ

**અમેરિકાના ૧૩ નેનો સેટેલાઇટ લોંચ કરવામાં સફળતા મળી : કાર્ટોસેટ-૩ને લોંચ કરવામાં આવતા ખુશીની લહેર રહી : ચન્દ્રયાન-૨ મિશન નિષ્ફળ રહ્યા બાદથી ઇસરોની આગેકુચ : કાર્ટોસેટ ભારતની આંખ તરીકે છે**

કરવામાં આવ્યાસ બાદ ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. આ લોંચ વ્હીકલ મારફતે અમેરિકાના ૧૩ નેનૌ સેટેલાઇટને લોંચ કરવામાં આવ્યા હતા. સાથે સાથે ભારતના ત્રીજી પેઢીના કાર્ટોસેટ-૩ ઉપગ્રહને લોંચ કરીને ઈસરોએ મોટી સિદ્ધી આવ્યુ હતુ. કાર્ટોસેટ-૩ સેટેલાઈટના કેમેરા ખુબ આધુનિક અને વધારે અસરકારકતા ધરાવે છે. કેમેરાના સ્પેશિય અનો રેજોલ્યુશન ખુબ વધારે છે. તેમાં દુનિયાના સૌથી શક્તિશાળી કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે. ભારતની પાસે હાલમાં જે ઉપલબ્ધ રહેલા સેટેલાઈટમાં કાર્ટોસેટ-૩માં સૌથી વધારે એડવાન્સ્ડ સ્પેશિયલ રેજોલ્યુશન છે. જમીનથી એક ફુ ઉંચી ચીજોને પણ તે સારી રીતે જોઈ શકે છે. સુરક્ષા દળો માટે આ

● અનુસંધાન પાન-૭ પર

## સત્તા મેળવવાના પ્રયાસથી ભાજપની પ્રતિષ્ઠાને ફટકો

**આંકડા ન હોવા છતાં સત્તાના પ્રયાસ કરાયા : કર્ણાટક બાદ મહારાષ્ટ્રમાં પણ પ્રતિષ્ઠાને ફટકો પડ્યો**



મુંબઈ,તા. ૨૭

અજિત પવારે બાજપને સત્તા માટે પુરતી સંખ્યા ઉપલબ્ધ કરાવી દેવાની ખાતરી આપ્યા બાદ ભાજપે તેમની વાતમાં આંખ બંધ કરીને વિશ્વાસ કરી લીધો હતો. અહીં પાર્ટીની પ્રતિષ્ઠાને આના કારણે જોરદાર ફટકો પડ્યો હતો. અગાઉ કર્ણાટકમાં પણ પુરતા આંકડા ન હોવા છતાં ભારતીય જનતા પાર્ટીએ સરકાર બનાવી લેવાના પ્રયાસ કર્યા હતા. જેથી તેની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો હતો. હવે મહારાષ્ટ્રમાં પણ તેની આવી જ સ્થિતી થઈ છે. વર્ષ ૨૦૧૮માં કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ પાર્ટી મહારાષ્ટ્રની જેમ જ સૌથી મોટચી પાર્ટી બની હતી. જો કે તેમની પાસે પુરતા સભ્યો ન હતા. તેની પાસે બહુમતિ કરતા સાત સભ્યો ઓછા રહ્યા હતા. ત્યારબાદ ભારતીય જનતા પાર્ટીએ હરિફ પાર્ટીના સભ્યોને પોતાની તરફ લાવવા માટેના પ્રયાસ કરવામાં આવ્યા હતા. ભારતીય જનતા પાર્ટીને આશા હતી કે સાત સભ્યો તેને મળી જશે. આ આશા વચ્ચે યેદીયુરપ્પાએ મુખ્યપ્રધાન તરીકે શપથ લઈ લીધા હતા. જો કે પુરતા સભ્યો ન હોવાના કારણે કલાકોના ગાળામાં જ તેમને રાજીનામુ આપી દેવાની ફરજ પડી હતી. બંને મામલા સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા હતા.

# ઉદ્ધવ ઠાકરેની આજે તાજપોશી

**શિવાજી પાર્કમાં વીવીઆઇપી નેતાઓની હાજરીમાં શપથવિધિ યોજાશે : સોનિયા ગાંધી, મમતા બેનર્જી, શરદ પવાર, કેજરીવાલ સહિતના દિગ્ગજ નેતાઓ હાજરી આપે તેવી શક્યતાઓ, સંજય રાઉતનો દાવો : અમે મોદી-શાહને પણ નિમંત્રણ આપ્યુ : આજથી મહારાષ્ટ્રમાં ત્રણ પક્ષોની મહાવિકાસ અઘાડી સરકાર અસ્તિત્વમાં આવશે**



મુંબઈ,તા.૨૭

મહારાષ્ટ્રમાં એક મહિનાની રાજકિય ઉથલપાથલ અને અસ્થિરતા બાદ હવે આખરે શિવસેનાના સુપ્રિમો ઉદ્ધવ ઠાકરેના મુખ્યમંત્રીપદે ત્રણ પક્ષોની "મહાવિકાસ અઘાડી" સરકાર બનવા જઈ રહી છે. ઠાકરે આવતીકાલે ગુરૂવારે મુંબઈમાં દશેરાના દિવસે જ્યાં શિવસેનાનો વાર્ષિક શક્તિ પ્રદર્શનનો કાર્યક્રમ યોજાય છે તે જાણીતા શિવાજી પાર્કમાં સાંજે ૬.૪૦ના મહુર્તમાં મુખ્યમંત્રીપદના શપથ ગ્રહણ કરશે. રાજ્યપાલ ભગતસિંહ કોશિયારી ઠાકરેની સાથે એનસીપીના જયંત પાટિલ અને કોંગ્રેસના બાલાસાહેબ થોરાતને નાયબ મુખ્યમંત્રી તરીકેના અને ૧૫થી ૨૦ મંત્રીઓને પણ શપથ લેવડાવશે, એમ સૂત્રોએ દાવો કર્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે તેમાં શિવસેના, એનસીપી અને

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**ઈ-સિગરેટ પર પ્રતિબંધ સાથે જોડાયેલું બિલ લોકસભામાં પાસ**

ઈ-સિગરેટ પર પ્રતિબંધ સાથે જોડાયેલું બિલ લોકસભામાં પાસ થઈ ગયું છે. તેમાં ઈ-સિગરેટના ઉત્પાદન, આયાત, નિકાસ, ટ્રાન્સપોર્ટ, વેચાણ, ડિસ્ટ્રીબ્યૂશન, સ્ટોરેજ અને વિજ્ઞાપન પર પ્રતિબંધ લાદવાની જોગવાઈ કરવામાં આવી છે. ગ્રુપ ઑફ મિનિસ્ટર્સ દ્વારા પ્રોહિબિશન ઓફ ઈ-સિગારેટ ઑર્ડિનન્સ-૨૦૧૯નો ચકાસવામાં આવ્યું હતું.

**હરિયાણાના સિનિયર IAS અશોક ખેમકાની ૫૨મી વખત બદલી**

હરિયાણાના સિનિયર IAS અશોક ખેમકાની ૫૨મી બદલી કરવામાં આવી છે. તેમને અભિલેખાગાર, પુરાતત્વ અને સંગ્રહાલય વિભાગમાં પ્રમુખ સચિવ બનાવવામાં આવ્યા છે. આ પહેલા તેઓ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના પ્રમુખ સચિવ પદે કાર્યરત હતા. આ બદલી ૮ મહિના બાદ થઈ છે.

**અલ્બાનિયામાં ભયાકન ભૂકંપ**

કુદરના કહેર સામે લાચાર માનવી કરી પણ શુ શકે. ત્યારે અલ્બાનિયામાં મંગળવારે આવેલ ભયાનક ભૂકંપ બાદ કાટમાળમાંથી મળેલા મૃતદેહોની સંખ્યા વધીને ૨૧ સુધી પહોંચી ગઈ છે અને ૬૦૦થી વધારે લોકો ઘાયલ થયા છે.

# લોકસભામાં પ્રજ્ઞા ઠાકુરે ફરી ગોડસેને દેશભક્ત કહેતા વિરોધ પક્ષો લાલઘૂમ

**રેકોર્ડમાંથી નિવેદનને હટાવવામાં આવશે : ભોપાલના સાંસદ પ્રજ્ઞા ઠાકુરે ફરી એકવખત લોકસભામાં ગાંધીના હત્યારા ગોડસેને દેશભક્ત કહેતા ગૃહમાં હોબાળો**

નવીદિલ્હી, તા. ૨૭

ભોપાલમાંથી ભાજપના સાંસદ સાધ્વી પ્રજ્ઞા ઠાકુરે ફરી દેશભક્ત કહ્યું હતુ. આ વખતે તેઓએ લોકસભામાં આ વાત કરી હતી. પ્રજ્ઞા ઠાકુરે લોકસભામાં એક



એકવાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના હત્યારા નાથૂરામ ગોડસેને ચર્ચા દરમિયાન ગોડસેને દેશભક્ત ગણાવ્યા હતા જેથી વિપક્ષી સભ્યોએ નારાજગી વ્યક્ત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આવા જ એક નિવેદનના કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કહેવું પડ્યું હતું કે, તેઓ પ્રજ્ઞા ઠાકુરને ક્યારે પણ દિલથી માફ નહીં કરે. ચર્ચા દરમિયાન ડીએમકેના સાંસદ એ રાજા ગોડસેના એક નિવેદન ટાંકીને કહી રહ્યા હતા કે, મહાત્મા ગાંધીને કેમ મરાયા તો સાધ્વી પ્રજ્ઞાએ તેમને ટકોર કરી હતી. ભાજપ સાંસદે કહ્યું હતું કે, આપ એક દેશભક્તનું ઉદારણ ન આપી શકો. રાજાએ કહ્યું હતું કે, ગોડસેને ખુદ કબૂલાત કરી હતી કે, ૩૨ વર્ષોથી તેણે ગાંધી વિરુદ્ધ ગુસ્સો રાખ્યો હતો અને છેલ્લે તેમની હત્યા કરવાનો નિર્ણય કર્યો હતો. રાજાએ કહ્યું હતું કે, ગોડસેએ ગાંધીજીની હત્યા એટલા માટે કરી હતી કે તે એક ખાસ વિચારાધારામાં માનતા હતા. રાજાના નિવેદન સમયે ભાજપ સાંસદ પ્રજ્ઞા ઠાકુરે ઉભા થઈ તેમને ટકોર કરતા વિપક્ષી સભ્યો વિરોધ કર્યો અને ભાજપના અનેક સભ્યો ભોપાલની સાંસદને પોતાની જગ્યા પર બેસવા માટે મનાવવા લાગ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, સાધ્વી પ્રજ્ઞા ઠાકુરને લોકસભા ચૂંટણી દરમિયાન પણ નાથૂરામ ગોડસેને દેશભક્ત ગણાવ્યા હતા

# રાહુલ ગાંધી અને પ્રિયંકા વાડ્રા ચિદમ્બરમને મળવા જેલ પહોંચ્યા

નવી દિલ્હી, તા.૨૭

આઈએનએકસ મની લોન્ડરિંગ કેસમાં હાલમાં તિહાર જેલમાં રહેલા પૂર્વ નાણાં પ્રધાન પી. ચિદમ્બરમને મળવા માટે આજે સવારે પૂર્વ કોંગ્રેસી અધ્યક્ષ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ પહોંચ્યા હતા. થોડાક સમય સુધી તેમની સાથે આ બંને રહ્યા હતા. તિહાર જેલમાં ચિદમ્બરમને કેટલાક વરિષ્ઠ નેતાઓ સતત મળી રહ્યા છે. સોનિયા ગાંધી અને મનમોહન સિંહ દ્વારા હાલમાં બેઠક યોજવામાં આવી હતી. ત્યારબાદ આજે એક મહિના પછી રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ વાતચીત કરી હતી. ચિદમ્બરમના આરોગ્યને લઈને કોંગ્રેસી નેતાઓ પહેલા પણ ચિંતા વ્યક્ત કરી ચુક્યા છે. કોંગ્રેસ પાર્ટીના લોકોનુ કહેવુ છે કે જેલમાં પૂર્વ નાણાંપ્રધાન ચિદમ્બરમની તબિયત સારી રહેતી નથી. તેમની તબિયત પર ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. તેમનુ વજન ત્રણ મહિનાના ગાળામાં જ ૧૦ કિલો સુધી ઘટી ગયુ છે. ચિદમ્બરમની ધરપકડ કરવામાં આવ્યા બાદ જ



કોંગ્રેસ પાર્ટી સતત બચાવના મુડમાં દેખાઈ રહી છે. કોંગ્રેસ પાર્ટી ખરાબ ઈરાદા સાથે તેમને હેરાન કરવાના આરોપ મોદી સરકાર પર કરી રહી છે. તપાસ સંસ્થાઓના દુરુપયોગ કરવાનો પણ આરોપ મુકવામાં આવ્યો છે.

# લોકસભામાં એસપીજી બિલ પસાર

**સુરક્ષા પરત નથી ખેંચાઈ માત્ર ફેરફાર કરવામાં આવ્યો છે : એસીપીજી સુરક્ષા વડાપ્રધાનની સુરક્ષા માટે છે સ્ટેટસ સિમ્બોલ માટે નથી : અમિત શાહ**

નવીદિલ્હી, તા. ૨૭

લોકસભામાં બુધવારે એસપીજી એમેન્ડમેન્ટ બિલ પર ચર્ચાનો જવાબ આપતા ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. બદલાની રાજનીતિના કોંગ્રેસના આરોપ અંગે ગૃહમંત્રીએ કહ્યું હતુ કે, ભાજપના સંસ્કારોમાં નહી પરંતુ કોંગ્રેસની ઓળખ છે. નામ લીધા વગર ગાંધી પરિવાર આક્ષેપ કરતા અમિત શાહે કહ્યું હતું કે, હજુ સુધી એસપીજી સુરક્ષાના નિયોમાં જે પણ ફેરફાર થયા હતા તે માત્ર એક પરિવારને ધ્યાનમાં રાખીને કરાયા હતા. પ્રથમ વખત વડાપ્રધાનની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફેરફાર કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાનની સુરક્ષા માટે છે. આનો સ્ટેટસ સિમ્બોલ તરીકે ઉપયોગ કરવામાં આવશે નહીં.

લોકસભામાં જોરદાર ચર્ચા બાદ એસપીજી એમેન્ડમેન્ટ બિલને મંજુરી આપી દેવામાં આવી છે. ગાંધી પરિવારની સુરક્ષાની સાથે સમજુતીના કોંગ્રેસના આક્ષેપો પર ગૃહમંત્રીએ કહ્યું હતું કે, પ્રથમ તેમની સુરક્ષામાં જેટલા સુરક્ષા કર્મી હોય છે અને હજુ પણ તેના જેટલા અને તેનાથી વધારે જ સુરક્ષા હશે. ગૃહમંત્રીએ કહ્યું હતું કે, આ પ્રકારની વાતો જનતા સામે લાવવામાં આવી રહી છે કે, એસપીજી એક્ટને ગાંધી પરિવારની સુરક્ષાને હટાવવા માટે લાવવામાં આવી રહ્યો છે પરંતુ આ વાસ્તવિકતા નથી.

R K VACATIONS PVT. LTD.
ગોવા 3N- 4D ₹13999
થાઈલેન્ડ 5N- 6D ₹27999
દુબઈ 5N- 6D ₹59999
સિંગાપોર મલેશિયા થાઈલેન્ડ 7N- 8D ₹74999
એર ટીકીટ,હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ
+91 79 61 61 35 35
+91 79 40 40 35 35

પ્લાસ્ટીક બેગ બંધ / પર્યાવરણ બચાવો
કોઈપણ સાઈઝની પેપર બેગ માટે સંપર્ક કરો
● મેડીકલ ● કરીયાણા ● સોપારી
● ફાસ્ટફુડ ● ઈન્ડસ્ટ્રીયલ વગેરેના પેકીંગ માટે
● ડીલક્સ પેપર બેગ ● રશીયન પેપર બેગ (IMP)
● સ્ટાર પેપર બેગ ● વ્હાઈટ પેપર બેગ (IMP)
ઉત્તર ગુજરાતમાં તાલુકા વાઈસ ડીલર નિમવાના છે
સંપર્ક : રાજ સેલ્સ, ગાંધીનગર
● સંપર્ક : ૯૮૨૫૦ ૭૩૫૩૭ ● કસ્ટમર કેર : ૯૮૨૫૮ ૪૭૪૮૦

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

જન્મ દિવસની શુભકામના



✽ પ્રમુખ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરીસદ ગાંધીનગર જીલ્લો
✽ સંયોજક, જલારામ એનીમલ હેલ્પ લાઈન, ગાંધીનગર
✽ પૂર્વ પ્રમુખ, જલારામ સેવા સમાજ, ગાંધીનગર
અમૃતભાઈ ડી. ઠક્કર - મો.૯૮૨૫૨ ૮૨૭૮૭
શુભેચ્છક પ્રતિક એ. ઠક્કર - સચિન એ. ઠક્કર
વિનોદ એ. ઠક્કર - હર્ષિત પી. ઠક્કર
મહાલક્ષ્મી કાર શ્રીંગાર એન્ડ સ્પેર પાર્ટસ
મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝ,અમદાવાદ - મહાલક્ષ્મી ઓટો પાર્ટસ